પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૮૪, કુલ પાના:૪, તારીખ: ૨૬-૦૭-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 284 PRICE :-RS. 1.50 DATE : 26-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)





## ગુજરાતમાં અત્ર-સર્વત્ર વરસાદ

### સમગ્ર રાજ્યભરમાં મેઘ મહેર, ધોધમાર વરસાદને પગલે ઠેર-ઠેર પાણી ભરાયા, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ, ગીરનાર રોપવે બંધ કરાયો

રાજ્યમાં સરેરાશ ૧૫ જૂન થી ચોમાસાની શરૂઆત થાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી વાતાવરણની વિષમતાને કારણે ચોમાસુ ડિસ્ટ્રબ થતું આવ્યું છે. ૧૫ જુનને બદલે ૨૦ જૂન આસપાસ ચોમાસુ સક્રિય થતું હોય છે. પરંતુ આ વર્ષ તાઉતે વાવાઝોડા બાદ વરસાદ સાવ ગયો તે ગયો..! પાણીની વ્યવસ્થા હતી તેવા ખેડૂતોએ આગોતરૂ વાવેતર પણ કરી નાખ્યું, પણ પછી વરસાદ ન થતા ખેડૂતોની મૂંઝવણ વધી હતી. વાવણી પણ અધૂરી રહી હતી. આખરે આજે સવારથી રાજ્યભરમાં કાચા સોના સ્વરૂપ વરસાદ વરસતા ખેડૂતોએ રાહતનો દમ લીધો છે. મગફળી, કપાસ, સોયાબીન અને બાજરી જેવા પાકોને જીવતદાન મળ્યું છે. તો ખેડૂતોએ પણ હાશકારો લીધો છે. તો જોઈએ રાજ્યમાં ક્યાં કેવો વરસાદ વરસી રહ્યો છે.

સૌપ્રથમ જામનગર જિલ્લાની વાત કરીએ તો, જામજોધપુરના નારમાણા ગામે ૨ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ ખાબક્યો છે. જામજોધપુરનો સોગઠી ડેમ ઓવરફ્લો થયો છે. તો કાલાવડ પંથકના છતરમાં ઘોડાપુર જેવો માહોલ સર્જાયો છે, અનેક વાહનો કોઝવેમાં તણાયા હોવાના દ્રશ્યો જોવા મળ્યા છે. તો કાલાવડ તાલુકામાં પણ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. કાલાવડ તાલુકાના. શીતળા ગામમાં ધોધમાર વરસાદ જોવા મળ્યો છે. ગામમાં અવર જવરનો રસ્તો બંધ થઈ જતા ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ બાજુ ધોરાજી તાલુકાના મોટી મારડ ગામે મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. ધોરાજી તાલુકામાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ધોરાજી તાલુકાનાં મોટી મારડ ગામમા ૯ ઈંચ વરસાદ ખાબકતા ગામની શેરીઓ નદીઓ જેવી લાગી રહી છે. મોટી મારડ ગામના ચેક ડેમો તળાવો, બધુ જ ઓવર ફ્લો થયા છે. લોકો જીવના જોખમે વાહનો પસાર કરતા જોવા મળ્યા હતા. મોટી મારડના ખેતરોમાં પણ પાણી ફરી વર્યા છે. તો ઉપલેટાના ગઢાળા ગામમાં પણ વરસાદે ધમાકેદાર બેટીંગ કરી છે. ગઢાળા અને ઉપલેટાના હાઈવેને જોડતો એક માત્ર કોઝ વે ઉપર પાણી ફરી વળ્યાં. ભારે વરસાદના પગલે ગઢાળાનો ચેક ડેમ ઓવર ફ્લોવ થતા કોઝ વે ઉપર પાણી ફરી વળ્યા હતા. ભારે વરસાદના પગલે આસપાસની નદી નાળામાંથી પાણી આવતા ગઢાળાનો ચેક ડેમ ઓવરફ્લો થયો. ગઢાળાના લોકોને અવરજવરમાં મુશ્કેલી પડી છે. ગઢાળા ગામના લોકોને ઉપલેટા જવા માટેનો એક માત્ર રસ્તો બંધ થતા ગામ જાણે સંપર્ક વિહોણુ બનયું છે. રાજકોટ શહેરની વાત કરીએ તો, શહેરના આઝાદ ચોકમાં પાણી ભરાઈ ગયા છે. ગોઠણ ડૂબ પાણી ભરાતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વર્ષોથી આ વિસ્તારમાં પાણી ભરાવાથી સમસ્યા સર્જાય છે. વાહન ચાલકો અને સ્થાનિકો પરેશાન.

મોરબી જિલ્લામાં પણ મેઘરાજા સવારથી બેટિંગ કરી રહ્યા છે. મોરબીના પાનેલી ગામ નજીક બે યુવાનો ફસાતા ગ્રામજનો દ્વારા બચાવાયા છે. પાનેલી અને ગિડચ ગામ નજીક આવેલ વોકળામાં પાણી આવતા બે યુવાનો ફસાયા હતા. મજૂરી કામ માટે જતા યુવાનો ફસાતા ગ્રામજનો દોડી જઈને રેસ્ક્યુ કરી બંને ને બચાવ્યા. વરસાદની વાત કરીએ તો, જિલ્લાના ટંકારામાં ભારે વરસાદ જોવા મળ્યો છે. નદી નાળાઓ છલકાઈ ગયા છે.

બોટાદ શહેર અને જિલ્લામાં પણ વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. શહેરમાં એક વાહન તણાયું નદીમાં તણાયું હતું. શહેરની મધ્યમમાંથી પસાર થતી ઉતાવળી નદી વચ્ચે થી મેક્સ ફોર વહીલ પસાર થતા પાણીમાં તણાયું હતું. મેક્સ ફોર વહીલમાં નાના નાના ૧૦થી વધુ બાળકો સવાર હતા, જોકે, સદ નસીબે કોઈ જાનહાની થઈ ન હતી. સ્થાનિકોની મદદથી તમામ મુસાફરોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. બોટાદના આંકડા પર નજર કરીએ તો, ગઢડામાં ૪ ઈંચ, બરવાળામાં ૧.૫ ઈંચ, બોટાદમાં ૨.૭૫ ઈંચ, રાણપુરમાં ૧ ઈંચ. જૂનાગઢની વાત કરીએ તો, માણાવદરના ગ્રામ્ય પંથકમાં વધુ વરસાદ જોવા મળ્યો છે. સવારથી બપોર સુધીમાં ૩ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. મટિયાણાં, પાદરડી, આંબલિયા, માંડોદરા, સહિત ઘેડ પંથકના ગામોમાં ધોધમાર વરસાદ જોવા મળ્યો છે. ઘેડ પંથકમાં વધુ વરસાદ પડતાં વોકળા અને નાળાઓ વહેતા થયા. ધોધમાર વરસાદ પડતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ સર્જાયો છે. જૂનાગઢ શહેરની વાત કરીએ તો, ભવનાથ વિસ્તારમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ગિરનાર પર અનરાધાર વરસાદ શરૂ થતા પર્વત પર ઝરણા શરૂ થયા છે. સીડી પરથી પાણી વહેતા થતા ગિરનારના અદ્ભુત દ્રશ્યો સામે આવ્યા હતા, લોકો નજારો જોવા ઉમટી પડ્યા હતા. તો અમરેલી જીલ્લામાં વરસાદી માહોલ સર્જાયો છે. ધારી પંથકમાં વહેલી સવારથી વરસાદી શરૂ થયો છે. ધારી શહેર તેમજ આસપાસના ગામડાઓમાં વરસાદ. ઝર, મોરઝર, હરિપરા, કુબડા સહિતના ગામોમાં વરસાદ. વરસાદ આવતા ખેડૂતોમાં ખુશીનો માહોલ. પોરબંદર જિલ્લામા વરસાદી માહોલ. કુતિયાણા તાલુકામા ૨ ઈંચ વરસાદ વરસ્યો. ૨ કલાકમા ૨ ઈંચ વરસાદ નોંધાયો. પોરબંદર રાણાવાવમા છુટોછવાયો નહીવત વરસાદ. મધ્ય ગુજરાતમાં પણ વરસાદે ધમાકેદાર બેટીંગ કરી છે. દાહોદ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો છે. આંકડા પર નજર કરીએ તો, દાહોદ ૩.૩ ઈંચ, ઝાલોદ ૦.૫૫ ઈંચ, ગરબાડા ૧.૬ ઈંચ, દેવગઢબારીયા ૨.૫૦ ઈંચ, ધાનપુર ૧.૩૫ ઈંચ, ફતેપુરા ૨.૭૫ ઈંચ, લીમખેડા ૮.૪૬ ઈંચ, સંજેલી ૨.૮૭ ઈંચ, સીંગવડ ૧.૧૦ ઈંચ

છોટાઉદેપુરમાં વહેલી સવારથી જ મુશળાધાર વરસાદ વરસી રહ્યો છે. છોટાઉદેપુર શહેરમાં લગભગ ૬.૮ ઈંચ વરસાદ ખાબકી ગયો છે. તો બોડેલી તાલુકામાં પણ ૬ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. છોટાઉદેપુર નગરની નીઝામી સોસાયટીમાં ઘુંટણ સમા પાણી ભરાઈ ગયા છે. નગર પાલિકાની પ્રીમોનસુનની કામગીરી પર સવાલ, લોકોના ઘરોમા પાણી ભરાતા નગર જનોમા નારાજગી, દર વર્ષે આજ પરીસ્થીતીનો સમનો કરવો પડે છે લોકોને. તો નસવાડી તાલુકાના હાંડલી ગામ નજીક આવેલ લો લેવલ નો કોઝવે પાણીમા ગરકાવ થયો છે. હાંડલી ગામ પાસે વર્ષો થી તૂટેલો લો લેવલનો કોઝવે રીપેર કરવા કે નવો બનવવા વારંવારની ગામ લોકોની માંગણી. હાંડલી ગામેં જવું હોય તો દસ કિલોમીટર ફેરો લાગવો પડે છે ગામ લોકો ને. બીજી બાજુ તાલુકાના બોરખડથી વગુમા, બટુ પ્રસાદી, કમલાવસન જવાનો રસ્તો થયો બંધ, બોરખાડ ગામે લો લેવલ ના કોઝવે પર પાણી ફરી વળ્યાં, આસપાસ ના ગ્રામજનો બન્યા સંપર્ક વિહોણા, લોકો જીવ ના ઝોખમે ધસમસતા પાણી માંથી પસાર થવા મજબુર.

દક્ષિણ ગુજરાતમાં તાપી જિલ્લામાં વ્યારા, વાલોડ, ડોલવણ, સોનગઢ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ વરસાદી માહોલ જોવા મળ્યો છે. અનેક વિસ્તારોમાં હળવો ધીમીધારે વરસાદ થઈ રહ્યો છે. વરસાદને પગલે સમગ્ર વાતાવરણમાં પ્રસરી ઠંડક. વરસાદને લઈ ડાંગરની રોપણી કરતાં ખેડૂતોને આંશિક રાહત મળી છે.

તો ડાંગ જિલ્લામાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો છે. જિલ્લામાં સવારે ૬ વાગ્યા થી બપોરે ૨ વાગ્યા દરમ્યાન નોંધાયેલ વરસાદના આંકડા જોઈએ તો, આહવા : ૩૫ મિમી, વઘઇ :૨૨ મિમી, સુબિર : ૫ મિમી, સાપુતારા : ૪૦ મિમી વરસાદ નોંધાયો છે. તો ઉત્તર ગુજરાતમાં મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી તમામ જિલ્લામાં ક્યાંક ધીમીધારે તો ક્યાંક ખેતીલાયક વરાસદ નોંધાયો છે. અરવલ્લી જિલાના તમામ ૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. ખેતીલાયક વરસાદથી ધરતીપુત્રો ખુશખુશાલ જોવા મળ્યા છે. અડધા ઇંચ જેટલો જિલ્લામાં સરેરાશ વરસાદ નોંધાયો. મોડાસા પંથકમાં ધોધમાર વરસાદ થયો છે.

### પુરથી ૫૪ ગામો સંપૂર્ણ રીતે અને ૮૦૦થી વધુ ગામો આંશિક રીતે અસરગ્રસ્ત

## મહારાષ્ટ્રમાં વરસાદે વિનાશ વેર્યો: ૨૪ કલાકમાં વરસાદ, ભસ્ખલનથી ૧૧૨ના મોત

### ૯૯ લોકો ગુમ, ૧,૩૫,૩૧૩ લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડાયા, એનડીઆરએફની ૩૪ ટીમો કામે લાગી

મુંબઈ

મહારાષ્ટ્રમાં ભારે વરસાદે આફત સર્જી છે. મહારાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ, ભૂસ્ખલન અને પૂરના પ્રકોપથી ૧૧૨ લોકોનાં મોત થયા છે જ્યારે ૯૯ લોકો ગુમ થયા છે. મહારાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે આવેલા પુરથી ૫૪ ગામો સંપૂર્ણ રીતે અને ૮૦૦થી વધુ ગામો આંશિક રીતે અસરગ્રસ્ત થયા છે. જેમાં પુનાના ૪૨૦ ગામ, કોલ્હાપુરના ૨૪૩ ગામ, સાંગલીના ૯૨ અને સતારા જિલ્લાના ૧૨૦ ગામનો સમાવેશ થાય છે.છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદના પરિણામે થયેલા ભૂસ્ખલન અને પુરથી ૧૧૨ લોકોના મૃત્યુ થયા છે. કોંકણના રાયગઢમાં સૌથી વધુ વિનાશ થયો છે. જિલ્લામાં ત્રણ સ્થળોએ ભૂસ્ખલન થયું છે. એકલા મહાડના તલિયા ગામમાં થયેલા ભૂસ્ખલનમાં જ ૫૨ શબને બહાર કાઢવામાં આવ્યા છે અને ૫૩ લોકો ગુમ છે. અહીં ૩૩ લોકો ગંભીર રૂપથી ઘાયલ થયા છે.સ્ટેટ ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમ મુજબ રાયગઢ, રત્નાગિરી, સાંગલી, સતારા, કોલ્હાપુર, સિંધુદુર્ગ અને પુનામાં અત્યાર સુધીમાં ૧૧૨ શબને કાટમાળમાંથી કાઢવામાં આવ્યા છે. જ્યારે ૫૩ લોકો ગંભીર રૂપથી ઘાયલ થયા છે. તલિયે ગામ સિવાય રાયગઢ જિલ્લાના પોલાદપુર તાલુકામાં સુતારવાડીમાં ભૂસ્ખલનથી ૫ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે ૧૫ લોકો ઘાયલ છે. કેવલાલે ગામમાં પણ ૫ લોકોના મૃત્યુ થયા છે અને ૬ લોકો ગંભીર રૂપથી ઘાયલ થયા છે. વશિષ્ઠી નદી પર પુલ વહી જવાના કારણે



ચિપલૂન તરફ જનાર માર્ગ સંપૂર્ણ રીતે બંધ થઈ ગયો છે. મુંબઈ-ગોવા હાઈવે પર વાહનોની લાંબી લાઈનો લાગી છે.પશ્ચિમ મહારાષ્ટ્રના પુણે મંડળમાં ભારે વરસાદ થઈ રહ્યો છે અને નદીઓ ખતરા પર વહી રહી છે. અત્યાર સુધીમાં ૧,૩૫,૩૧૩ લોકોને સુરક્ષિત જગ્યાએ પહોંચાડવામાં આવ્યા છે. આ પૈકીના ૪૦,૮૮૨ લોકો કોલ્હાપુર જિલ્લામાંથી છે.કોલ્હાપુર શહેરની પાસે પંચગંગા નદી ૨૦૧૯માં આવેલા પુરના સ્તરથી ઉપર વહી રહી છે. પુના અને કોલ્હાપુરની સાથે મંડળમાં સાંગલી અને સતારા જિલ્લો પણ આવે છે. સાંગલીમાં ૭૮૦૦, સતારામાં ૫૬૫૬, થાણેમાં ૬૩૯૦ અને રાયગઢ જિલ્લામાં ૧૦૦૦ લોકોને સુરક્ષિત જગ્યાએ લાવવામાં આવ્યા છે.વરસાદ દરમિયાન ભૂસ્ખલન અને પુરથી ૩૨૨૧ પાલતુ પશુઓના મૃત્યુ થયા છે. સૌથી વધુ ૩૦૨૪ પશુઓના મૃત્યુ સતારા જિલ્લામાં થયા છે. જ્યારે રત્નાગિરીમાં ૧૧૫, રાયગઢમાં ૩૩, કોલ્હાપુરમાં ૨૭, સાંગલીમાં ૧૩, પુનામાં ૬ અને થાણેમાં ૩ પશુઓએ જીવ ગુમાવ્યા છે. સતારાના ઘણા વિસ્તાર ભારે વરસાદ અને ભૂસ્ખલનની ઘટનાઓથી ખરાબ રીતે પ્રભાવિત થયા છે.રાજ્યમાં વરસાદના કારણે સર્જાયેલી પુરની સ્થિતિમાં રાહત અને બચાવ માટે એનડીઆરએફની ૩૪ ટીમને લગાડવામાં આવી છે. જેમાંથી ૮ ટીમને મુંબઈ, પુના અને નાગપુરમાં રિઝર્વ રાખવામાં આવી છે. આ ઉપરાંત નેવીની ૭ ટીમો, એસડીઆરએફની ૮, કોસ્ટગાર્ડની ત્રણ અને એરફોર્સના હેલિકોપ્ટર સહિત આર્મીની ૬ ટીમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં એનડીઆરએફની ૪૮ બોટ અને એસડીઆરએફની ૧૧ બોટ સહિત ૫૯ બોટ દ્વારા લોકોને રાહત આપવામાં આવી રહી છે.મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે શનિવારે રાયગઢના તાલિયા ગામની મુલાકાત લીધી હતી. તેમણે ગ્રામજનોને સરકાર તરફથી તમામ મદદ પૂરી પાડવાની ખાતરી આપી હતી. તેમણે કહ્યું કે ગામના બચેલા લોકોનું પુનર્વસન કરવામાં આવશે. તમે એક મોટી દુર્ઘટનાનો સામનો કર્યો છે, તેથી હમણાં તમારે ફક્ત તમારી સંભાળ લેવાની જરૂર છે. બાકી સરકાર પર છોડી દો.

### મુંબઈના વર્લીમાં મકાનની લિફ્ટ ધરાશાયીઃ ૫ના મોત, ૧ ઘાયલ

મહારાષ્ટ્રમાં અકસ્માતોની વણઝાર સર્જાઇ રહી છે. પહેલાં વરસાદ-ભૂસ્ખલનથી બેહાલ મુંબઇમાં હવે વર્લી વિસ્તારમાં એક નિર્માણધીન બિલ્ડીંગમાં લાગેલી સર્વિસ લિફ્ટ ઢળી પડતાં ૫ લોકોના મોત થઇ ગયા છે. અકસ્માતમાં એક વ્યક્તિ ઘાયલ થયો છે. આ દુર્ઘટના શનિવારે સર્જાઇ હતી. ઘટનાસ્થળ પર પોલીસ અને ફાયરકર્મીઓ અને બચાવ અભિયાન શરૂ થઇ ગયું છે. એક પોલીસ અધિકારીએ એક નિવેદનની સાંજે ૫ઃ ૪૫ પર હુનુમાન ગલીમાં બીડીડી ચાલી પાસે નિર્માણધીન બિલ્ડીંગમાં અચાનક સર્વિસ લિફ્ટ પડી ગઇ. સૂચના મળતાં જ પોલીસ અને બચાવકર્મી ઘટનાસ્થળે પહોંચી ગયા અને લોકોને નિકાળવાનું કામ શરૂ કરવામાં આવ્યું. અધિકારી જણાવ્યું કે ઘટનામાં ઘાયલ થયેલા ૬ લોકોમાંથી એકને પરેલના કેઇએમ હોસ્પિટલમાં મૃત જાહેર કરવામં આવ્યો હતો. તો બીજી તરફ નગર નિગમ દ્વારા સંચાલિત નાયર હોસ્પિટલમાં ૩ લોકોને ડોક્ટરે મૃત જાહેર કરી દીધા હતા, જ્યારે એક અન્ય ઘાયલ વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પોલીસ કેસની તપાસ કરી રહી છે. દુર્ઘટના બાદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના પુત્ર અને રાજ્ય સરકારમાં મંત્રી આદિત્ય ઠાકરેએ દુર્ઘટનાસ્થળની મુલાકાત લીધી છે. તે વર્લી વિધાનસભા સીટ પરથી ધારાસભ્ય છે.

## આજથી રાજ્યમાં ધોરણ ૯થી ૧૧ની શાળાઓ ખૂલશેઃ એસઓપીનું પાલન કરાશે

અમદાવાદ,

રાજ્યમાં ધોરણ ૧૨ની શાળાઓ શરૂ કર્યા બાદ સરકારે ૯થી ૧૧ની શાળા ૨૬મી જુલાઈથી શરૂ કરવાનો નિર્ણય લઈ લીધો છે. જોકે ૧૮ વર્ષથી નીચેની ઉંમરના લોકો માટે વેક્સીનેશન થયું નથી માટે વાલીઓએ અને શાળાના સંચાલકોએ કેટલાક નિયમો પાળવા જરૂરી બની રહેશે. તેમાંય શરૂઆતના દિવસોમાં વેક્સીન લીધેલા માતા-પિતાના બાળકોને જ શાળાએ બોલાવવા તબીબો સૂચન કરી રહ્યા છે. રાજ્યમાં હજુ કોરોનાની બીજી લહેર અલવિદા થઈ રહી છે અને ત્રીજી લહેરની દહેશત છે. ડેલ્ટા વેરિયન્ટનો ખતરો હતો ત્યાં જ હાલમાં કપ્પા વેરિયન્ટના કેસ નોંધાયાનું સામે આવ્યું છે. તેવામાં ૨૬ જુલાઈથી ધોરણ ૯થી ૧૧ના વર્ગો પણ શરૂ કરવાની સૂચના રાજ્ય સરકાર દ્વારા આપી દેવામાં આવી છે.સરકારના શાળાઓ શરૂ કરવા પાછળ ખાનગી શાળાના સંચાલકોનું દબાણ પણ કારણ ભૂત



માનવામાં આવી રહ્યું છે. એક તરફ આપણે રાજ્યમાં ૧૮ વર્ષથી નીચેની ઉંમરના લોકોનું રસીકરણ થયું નથી ત્યારે શાળાના સંચાલકોએ બાળકોની સેફટી પર વધારે ધ્યાન આપવું પડશે. અમદાવાદ મેડિકલ એસોસિએશનના જોઈન્ટ સેક્રેટરી ડો.સાહિલ શાહે જણાવ્યું હતું કે બાળકોને શાળાએ બોલાવતા પહેલા શાળાના સંચાલકોએ ખાસ ધ્યાન રાખવું પડશે. સંચાલકોએ એ જોવું પડશે કે પોતાના શિક્ષકો, આચાર્ય અને અન્ય સ્ટાફ વેક્સીનેટ થયો છે કે કેમ. શાળાએ ક્લાસમાં બાળકોને ઓડ ઈવન પદ્ધતિથી બોલાવી સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે રીતે બેઠક વ્યવસ્થા ગોઠવવી પડશે.

## સુરતમાં ૩ વર્ષના બાળકને મ્યુકોરમાઈકોસિસ થતા હડકંપ મચ્યા

ગુજરાતમાં કોરોના સંક્રમણના કેસ સતત ઘટી રહ્યા છે પરંતુ હજુ પણ ત્રીજી લહેરની સંભાવના જોવાય રહી છે એવું મનાઈ રહ્યું છે કે કોરોનાની ત્રીજી લહેરમાં નાના બાળકો વધુ ભોગ બની શકે છે ત્યારે ૩ વર્ષના બાળકમાં કોરોનાના અને મ્યુકરમાઈકોસિસના લક્ષણ જોવા મળ્યા છે. સુરતમાં સૌથી નાની ઉંમરનું બાળક મ્યુકરમાઈકોસિસનો ભોગ બન્યો હોવાનુ સામે આવ્યું છે.

ત્રણ વર્ષના બાળકમાં શંકાસ્પદ લક્ષણો જણાતા તાત્કાલિક સીટી સ્કેન કરવામાં આવતા કોરોનાના લક્ષણો જોવા મળ્યા હતા. હાલ આ બાળકને સારવાર અર્થે સુરતની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. ગુજરાતમાં આટલી નાની ઉંમરના બાળકને મ્યુકોરમાઇકોસિસ થયાનો આ સૌપ્રથમ કિસ્સો છે. હાલ બાળકની તબિયત ગંભીર હોવાથી હાયર સેન્ટરમાં રિફર કરાયો છે.કોરોનાની સાથે સાથે મ્યુકોરમાઇકોસિસ નામની જીવલેણ બીમારીએ દર્દીઓમાં જોવા માટે ચિંતાજનક સ્થિતિ બની રહી છે. મહત્વનું એ છે કે બીજી લહેરમાં કોરોના બાદ મ્યુકરમાઈકોસિસના કેસમાં ખૂબ વધારો થયો હતો અને અનેક લોકોના મોત થયા હતા. જ્યારે કેટલાંક દર્દીઓની મ્યુકોરમાઈકોસિસના લીધે સર્જરી પણ કરવામાં આવી હતી.

### ભારતમાં કદાચ પ્રથમ કેસ હશે

## મતદારોને પૈસા વહેંચનારા સાંસદને કોર્ટે દોષિત ઠેરવી ૬ માસની જેલની સજા ફટકારી

હૈદરાબાદ,

ચૂંટણી દરમિયાન કેટલીય વાર સાંસદો અને ધારાસભ્યો મત મેળવવા માટે રૂપિયા વહેંચતા હોવાના આરોપો લાગ્યા છે. પણ દેશમાં પહેલી વાર આ આરોપોને લઈને કોર્ટે સજા સંભળાવી છે. મતદારોને લાંચ આપવાના આરોપમાં હૈદરાબાદના તેલંગણા રાષ્ટ્ર સમિતિના સાંસદ મલોત કવિતાને દોષિ ઠેરવ્યા છે. કવિતા તેલંગણાના મહેબૂબાબાદથી સાંસદ છે. તેમના એક સહયોગીને પણ કોર્ટે દોષિ ઠેરવ્યા છે અને સજા સંભળાવી છે.

મલોત કવિતાને ૨૦૧૯માં લોકસભા ચૂંટણી દરમિયાન વોટ માટે લાંચ આપવામાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. તેમને છ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. સાથે જ તેમને ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ ભરવો પડશે. જો કે, આરોપીઓએ હાઈકોર્ટમાં અપીલ દાખલ કરીને જામીન આપ્યા છે. કહેવાય છે કે, આ મામલે કવિતા જલ્દીથી તેલંગણા હાઈકોર્ટમાં અપીલ કરશે.

આ ઘટના પહેલી વાર ત્યારે સામે આવી હતી, જ્યારે ૨૦૧૯માં રેવન્યૂ અધિકારીઓએ સાંસદના સહયોગી શૌકત અલીને રૂપિયા વેંચતા પકડી પાડ્યા હતા. કવિતાના પક્ષમાં વોટ માંગી રહેલા આ લોકો બર્ગમપહાડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં વોટરોને ૫૦૦-૫૦૦ રૂપિયા વહેંચી રહ્યા હતા. શૌકત અલીને પોલીસે રંગેહાથે ઝડપી પાડ્યો હતો. રિશ્વત મામલે પહેલા આરોપી તરીકે તેને નોંધવામાં આવ્યો હતો. જ્યારે કવિતાને બીજા નંબરના આરોપી બનાવ્યા હતા.

## ગુજરાત કોંગ્રેસના નવા પ્રભારી બનશે સચિન પાયલટ....???



અમદાવાદ,

રાજીવ સાતવના અકાળે થયેલા નિધનના કારણે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રભારીપદ ખાલી પડ્યું છે. આ હોદ્દા પર હવે સચિન પાયલોટની નિમણૂક થઈ શકે છે. કોંગ્રેસનાં સૂત્રોએ આપેલી વિગતો પ્રમાણે , સચિન પાયલોટ ગુજરાત કોંગ્રેસના પ્રભારી બની શકે છે. રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ અને રાજસ્થાનના પૂર્વ ઉપમુખ્યમંત્રી સચિન પાયલોટની ગુજરાત કોંગ્રેસના પ્રભારીપદે નિમણૂકની સત્તાવાર જાહેરાત આગામી સપ્તાહમાં થઈ શકે છે .

સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત અને સચિન પાયલોટ વચ્ચે સમાધાન થતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રભારીપદે સચિન પાયલોટની નિમણૂક નિર્ણય લેવાયો છે. પાયલોટ અને ગેહલોત વચ્ચે થયેલા સમાધાન પ્રમાણે સચિન પાયલોટ જૂથના ધારાસભ્યોને રાજસ્થાન સરકારમાં મંત્રીપદ મળશે. પોતાના જૂથના ધારાસભ્ય મંત્રી બન્યા બાદ સચિન પાયલોટ ગુજરાતની કમાન સાંભળશે અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી તરીકે કામગીરી શરૂ કરશે.

## ગોધરા કેન્દ્રીય વિદ્યાલયની ૧૬ વર્ષીય કિશોરીએ સ્ટેન્ડીંગ બાઈસીકલ કન્વીસમાં ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું

ગોધરા, પંચમહાલ જીલ્લા ગોધરા શહેરમાં રહેતી અને કેન્દ્રીય વિદ્યાલયમાં અભ્યાસ કરતી ૧૩ વર્ષીય દિકરી માહી પરમારે સ્ટેન્ડીંગ બાઈસિકલ કન્ચીસમાં અગાઉના નોધાયેલા રેકોર્ડને તોડીને નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે.જેને લઈને ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ દ્વારા માહી પરમારને મેડલ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામા આવ્યા છે.આટલી નાની ઉમરે રેકોર્ડ મેળવવો એ સ્વયં એક કિર્તીમાન છે.



પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમા આવેલી સત્યનગર સોસાયટીમાં રહેતા નરેન્દ્રભાઈ પરમાર ટ્યૂશન શિક્ષકના વ્યવસાય સાથે સંકળાયેલા છે.તેમના પરિવારમા પત્ની સેજલબેન, પૂત્રી માહી અને પુત્ર નૈત્ય છે.તેમની ૧૩ વર્ષની પુત્રી માહી પરમારે માત્ર ગોધરા શહેર જ નહી પણ સમગ્ર ગુજરાત અને દેશનૂં નામ રોશન કર્યુ છે.ગોધરાની કેન્દ્રીય વિદ્યાલયમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી માહી પરમાર કરાટેમાં જુડો ચેમ્પિયન છે.જેને રાજ્યકક્ષાથી માંડીને આંતરરાષ્ટ્રીયકક્ષાએ ભાગ લીધો છે.અભ્યાસની સાથે માહી સોશિયલ મીડીયાનો ઉપયોગ વિવિધ જાણકારી માટે કરે છે.જેમા સ્ટેંડીંગ બાઈસિકલ કન્ચીસ( એક પ્રકારની શારિરીક કસરત) ના વિડીઓ જોયા હતા.માહીએ પણ આ દિશામા પ્રેકટીસ હાથ ધરી.અને તેમા સફળતા પણ પ્રાપ્ત થઈ.તાલીમ બાદ માહીએ તે પ્રકારની કસરત પર પ્રભુત્વ મેળવી લીધુ. જેમા માહી પરમારે સ્ટેંડીંગ બાઈસિકલ કન્ચીંસમા એક અનોખો રેકોર્ડ સ્થાપિત કર્યા છે.આ આ પહેલા જુનો રેકોર્ડ ૧ મીનીટમાં ૧૨૭નો હતો.જેને માહી પરમારે ૧ મીનીટમાં ૧૫૧ સ્ટેંડીંગ બાઈસિકલ કન્ચીસ કરીને અગાઉનો રેકોર્ડ તોડી નાખીને નવો કિર્તીમાન સ્થાપ્યો છે

## મહીસાગર જિલ્લો કોરોનામુકત સતત પાત્રીસમાં દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. જિલ્લામાં હાલ એક પણ દર્દી સારવાર હેઠળ નથી.

મહીસાગર જિલ્લામાં સતત પાત્રીસમા દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુકત રહ્યો છે. મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લા પાત્રીસ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૩૧૨૯૯૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૬-૦૭-૨૦૨૧, સોમવાર, અષાઢ વદ-૩, સૂર્યોદય-૫-૩૮, સૂર્યાસ્ત-૭-૧૬, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્ર: ધનિષ્ઠ

- શુભ ચોઘડીયા -
૧૨-૨૭થી અભિજીત ૧૩-૨૦સુધી,૬-૧૮થી અમૃત ૭-૫૬ સુધી,૯-૩૫ થી શુભ ૧૧-૧૪ સુધી,૧૪-૩૨ થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૫૦ સુધી ૨૩-૩૨ થી લાભ ૨૪-૫૪ સુધી

- શુભ હોરા-
૬-૧૮ થી ૭-૨૩ સુધી ૮-૨૯ થી ૯-૩૫ સુધી ૧૧-૪૭ થી ૧૫-૦૫ સુધી ૧૬-૧૧ થી ૧૭-૧૭ સુધી

## શહેરા સહિત સમગ્ર તાલુકામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

શહેરા, શહેરા સહિત સમગ્ર જીલ્લાભર મા ગુરૂપૂર્ણિમા ની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. મહાલક્ષ્મી મંદિર ખાતે રંગ અવધૂત મહારાજના પાદુકા પૂજન સાથે પ્રસાદી નો લ્હાવો લીધો હતો મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે બ્રહ્મલીંન થયેલ અમરગીરીજી મહારાજના દર્શન કરી ભાવિક ભક્તો એ ધન્યતા અનુભવી હતી. તાલુકામાં ઠેર ઠેર ગુરૂવંદના આરતી , ભજન કીર્તન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. ભારતીય સંસ્કુતિમાં તહેવારોને અનેરૂ મહત્વ છે. દરેક તહેવારની પાછળ કોઈ ને કોઈ મહત્વ



છૂપાયેલુ હોય છે. જેમાં અષાઢ સુદને પૂનમના દિવસે ઉજવતા ગુરૂપૂર્ણિમાના તહેવાર પાછળ જીવનનુ શિક્ષણ આપનાર ગુરૂ પ્રત્યે કૂતજ્ઞતા વ્યકત કરી વંદન કરવાનો દિવસ છે. ત્યારે શહેરા સહિત સમગ્ર જીલ્લા મા ગુરૂપૂર્ણિમાની આસ્થા ભેર ઉજવણી કરવામાં આવી હતી તાલુકાવાસીઓ પોતાના ગુરૂના આશીર્વાદ લેવા માટે સવારથી જ ત્યા પહોંચી ગયા હતા. પૂજા અર્ચન કરીને ગુરૂના આશીર્વાદ મેળવ્યા હતા. પૌરાણિક મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે બ્રહ્મલિન થયેલ અમરગીરીજી મહારાજના દર્શન કરવા માટે સ્થાનિક જીલ્લા સહિત બહાર થી પણ ભાવિક ભક્તો આવ્યા હતા પૂજા અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે નગરમાં વર્ષો પૌરાણિક રાજ રાજેશ્વરી માં મહાલક્ષ્મી મંદિર ખાતે રંગ અવધૂત મહારાજની પાદુકા પૂજન કરવામાં આવ્યું હતું. આરતી અને ભજન કીર્તન સાથે મહા પ્રસાદીનો લ્હાવો ભાવિક ભક્તો એ લીધો હતો. મંદિર ખાતે આવેલ ભાવિક ભક્તો મહાલક્ષ્મી માતાજીના દર્શન કરી ધન્ય ધન્ય થયા હતા. તાલુકા સહિત જીલ્લા ભરમા ૫૦ થી વધુ સ્થળે ગુરૂપૂર્ણિમાની ધામધૂમ પૂર્વક ઉજવણી કરાઈ હતી .

## શહેરા ખાતે દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવાની તાલીમ કેમ્પ યોજાયો

શહેરા, શહેરા તાલુકાના દિવ્યાંગો પોતાના જીવનમા આત્મનિર્ભર બનીને સ્વમાનપુર્વક જીવનજીવી શકે તે હેતુથી ઉદ્યોગ સાહસિકતા તાલીમ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો.જેમા મોટી સંખ્યામાં દિવ્યાંગો ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવ્યુ હતુ.

શહેરા નગરના તળાવ પાસે સમાજ સૂરક્ષા ગાંધીનગર અને એડી આઈ આઇ ગાંધીનગરના ઉપક્રમે ઉદ્યોગ સાહસિકતા તાલીમ કાર્યક્રમમા તાલૂકામાથી મોટી સંખ્યામાં દિવ્યાંગો એ ભાગ લીધો હતો.આપણા સમાજમાં દિવ્યાંગો શારિરીક રીતે અસ્વસ્થ હોવાને કારણે તેઓને નોકરી કે કામધંધા માટે થોડી મૂશ્કેલી પડતી હોવા છતાં દિવ્યાંગો મનથી મકકમ હોય છે.ઉદ્યોગ સાહસિકતા તાલીમ કાર્યક્રમ અંતર્ગત અવેરનેશ કાર્યક્રમ યોજાયો હતો.જેમા દિવ્યાંગોને રોજગારીની તાલીમની સાથે ધંધાનું મેનેજમેન્ટ શીખે ત્યા સુધીનું માર્ગદર્શન નક્કી કરેલ તારીખના દિવસે આપવામાં આવનાર છે.આયોજકોનૂ કહેવૂ છેકે દીવ્યાંગો તાલીમ મેળવીને સ્વરોજગાર મેળવીને પગભર બને સાથે સન્માનપુર્વક જીવન જીવીને આત્મનિર્ભર બને તે માટે તાલીમનું આયોજન કરાયુ છે. તાલુકાના વિવિધ ગામો માંમથી આવેલા દિવ્યાંગો માટે જિલ્લાની સંબંધિત કચેરી પણ આગળ આવીને મળવા પાત્ર સહાય સાથે સરકારી યોજનાઓના લાભ મળે તે માટે જિલ્લાના વિવિધ તાલુકા મથક ખાતે કેમ્પનું આયોજન કરે તે અત્યંત જરૂરી છે. હાલની પરિસ્થિતિમાં દિવ્યાંગોને પોતાના હક મેળવવા માટે પણ અમુક સમયે સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડતા હોય છે. ત્યારે જિલ્લા કલેકટર પણ દિવ્યાંગોના વહારે આવે તેવી આશા આ દિવ્યાંગો રાખી રહયા છે.

## દૈનિક રાશીફળ

તા.૨૬.૦૭.૨૦૨૧ સોમવાર

મેષ (અ.લ.ઇ.):- વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

વૃષભ(બ.વ.ઉ.):- તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો.

કર્ક(ડ.હ.):- તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

સિંહ(મ.ટ.):- ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું.

તુલા(ર.ત.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

મકર(ખ.જ.):- તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

કુંભ(ગ.શ.સ.):- જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

મીન(દ.ચ.ઝ.):- કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે [redacted] એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત [redacted] લી પડશે.

## દે. બારીયાના પીપલોદ યુવતિને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યા બાદ અન્ય યુવતિ સાથે લગ્ન કરતાં ફરિયાદ કરાઈ

દે.બારીયા, દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના પિપલોદ ગામે ૨૦ વર્ષીય યુવતીને સિંગવડ તાલુકામાં રહેતા એક યુવક સાથે ચાર વર્ષ સુધી પ્રેમ સંબંધ હોય યુવક દ્વારા આ ચાર વર્ષના સમયગાળા દરમિયાન સગીરાને લગ્નની લાલચ આપી અવારનવાર તેની ઉપર દુષ્કર્મ આચર્ય બાદ અન્ય યુવતી સાથે લગ્ન કરી લેતાં અને ૨૦ વર્ષીય યુવતી સાથે યુવકે તેના માતા પિતાની મદદથી યુવતી સાથે છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત કરતા યુવતીએ ન્યાયની માગણી સાથે પોલીસના દરવાજા ખટખટાવ્યા હોવાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના જામદરા ગામે રહેતો ઘનશ્યામભાઈ હરિભાઈ પટેલ વર્ષ ૨૦૧૮ની સાલથી દેવગઢ બારીયા તાલુકામાં રહેતી ૨૧ વર્ષીય યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. ગત તારીખ ૨૨મી માર્ચ ૨૦૨૧ના રોજ યુવતીને ઘનશ્યામભાઈ એ કહેલ કે, મારે તારી સાથે બે વર્ષથી પ્રેમસંબંધ છે, જેથી હું તને મારે ઘરે લઈ જવાનો છું, તેમ કહી એક બોલેરો ગાડીમાં યુવતીને તેના ઘર તરફથી બેસાડી લઈ ગયો હતો અને પોતાના ઘરે લાવી ઘનશ્યામભાઈએ પોતાના માતા – પિતા હરિભાઈ ભારતભાઈ પટેલ અને સમરતબેન હરિભાઇ પટેલે યુવતીને કહેલ કે, તમારી બંનેની સગાઇ નક્કી કરી તમારા લગ્ન કરી આપવાના છે, જેથી હાલ તું તારા પિતાના ઘરે જતી રહે, તેમ કહેતા યુવક ઘનશ્યામભાઈએ યુવતીને તેના ઘરે જે તે સમયે મૂકી ગયો હતો ત્યારબાદ ફરીથી યુવતીને તારીખ ૧૮મી એપ્રિલ ૨૦૨૧ના રોજ યુવક ઘનશ્યામભાઈએ યુવતીને કહે કે, મારા લગ્ન તારી સાથે જ કરવાના છે જેથી હું ફરીથી તને આજરોજ મારા ઘરે લઈ જવાનો છું, તેમ કહી રાત્રિના સમયે યુવતીને તેના ઘરેથી ઘનશ્યામભાઈ લઈ ગયો હતો અને તારીખ ૨૧.૦૪. ૨૦૧૮ના રોજથી ૪ દિવસ સુધી પોતાના ઘરે યુવકે તેને રાખી હતી. આ દરમિયાન ઘનશ્યામભાઈએ ૨૦ વર્ષીય યુવતી સાથે દુષ્કર્મ આચાર્ય હતું ત્યારબાદ ઘનશ્યામભાઈના માતા – પિતા હરિભાઈ અને સમરતબેનએ તેના પુત્ર ઘનશ્યામભાઈને કહેલ કે, તું આ છોકરીને પરત તેના પિતાના ઘરે મૂકી આવ, તારા લગ્ન બીજી સારી છોકરી સાથે કરી આપીશું, તેમ કહી યુવતીને કહેલ કે, તું તારા પિતાના ઘરે જાય નહીં તો તને નારી કેન્દ્રમાં મૂકી આવીશું, તેવી ધાક ધમકીઓ આપી ઘનશ્યામભાઈએ તે સમયે યુવતીને તેના ઘરે મૂકી આવ્યો હતો ત્યારબાદ તારીખ ૨૪.૦૪.૨૦૨૧ના રોજ ઘનશ્યામભાઈના માતા – પિતાએ ઘનશ્યામ ભાઈના લગ્ન અંબા ગામની એક યુવતી સાથે કરી દીધા હતા ત્યારબાદ તારીખ ૧૪ મે ૨૦૨૧ના રોજ યુવક ઘનશ્યામભાઈ પિપલોદ ગામે આવ્યો હતો અને યુવતીને મળ્યો હતો અને યુવતીને કહેલ કે, જો તું નહીં આવે તો હું મરી જઈશ, તેવી ધમકીઓ આપી પોતાની મોટરસાયકલ પર બેસાડી લઈ જઈ અલગ – અલગ સ્થળોએ તેમજ પોતાના ઘરે યુવતીને રાખી અવારનવાર તેની સાથે ઘનશ્યામભાઈએ દુષ્કર્મ આચર્યું હતું. આ સમગ્ર મામલે આખરે યુવતીને ભાન થતાં પોતાની સાથે છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત થયો હોવાનો અહેસાસ થયો હતો અને યુવકના માતા – પિતાએ યુવક સાથે લગ્ન તેમજ સગાઈ કરી આપવા માટેની લાલચ આપી માતા – પિતા તેમજ પુત્રએ એકબીજાના મેળાપીપણામાં પોતાની સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપિંડી કરી હોવાનો અહેસાસ યુવતીને થતાં ૨૦ વર્ષીય યુવતી દ્વારા આ સમગ્ર મામલે દેવગઢ બારીયા પોલીસ મથકે તે યુવક તેમજ તેના માતા – પિતા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલ નગરપાલિકાના ખુલ્લા મેદાનમા આંકડા લખતા ઈસમને ઝડપી પાડતી કાલોલ પોલીસ

કાલોલ, કાલોલ નગરપાલિકાના પાછળના ભાગમાં આવેલા ખુલ્લાં મેદાનમા એક ઈસમ આંક ફરકનો હારજીતનો જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે કાલોલ ટાઉન પોલીસ ચંદ્રસિંહ તેમજ પોલીસ સ્ટાફનાં બીજાં માણસો બાતમી વાળી જગ્યાએ છાપો મારતાં એક ઈસમ અન્ય લોકો ને ટોળું વાળીને કઈક લખતો હોવાનું જણાવ પોલીસ પકડવા પગલાં ભરે તે પહેલા પોલીસ ને જોઈને ઊભેલા ઈસમો નાશી છુટેલા ને પોલીસ ના હાથમાં આવ્યાં નહીં.પરંતુ ખુલ્લાં મેદાનમા જમીન પર બેસી સ્લીપ બુક અને ચાલુ બોલપેન લઈને લખતો ઈસમ ઝડપાઈ ગયો હતો.પોલીસે તેને પકડી પાડી નામ ઠેકાણું પુછતાં તેને નામ અબ્દુલ રઝાક ઐયુબભાઈ શેખ ર.હે.કાલોલ ચકલા ચોક નદિવાળુ ફળીયામાં રહેતા હોવાનું જણાવ્યું હતું. પોલીસે તપાસ કરતાં તેની પાસે સ્લીપ બુક કાબેન પેપર સાથેની અને ડુપ્લીકેટ પાનાં પર લખેલા હોવાથી તેની અંગ જપ્તીની તપાસ હાથ ધરવામાં આવી હતી.તપાસમાં ઈસમના ખિસ્સામાંથી ભારતીય ચલણી અલગ–અલગ નોટો જેની કુલ કિંમત રૂ.૯૦૦/– મળી આવ્યાં હતાં.જેને લઈ કાલોલ પોલીસે જુગાર ધારા કલમ–૧૨ મુજબ કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી ઘટતી કાયેવાહી હાથ ધરી છે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ખાનપુર તાલુકાના કનોડ ગામે શકિતન કેન્દ્ર પર વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાજપના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા.

## કડાણા ડેમમાં પાણીની આવક થતા ડેમની સપાટીમાં સામાન્ય વધારો

મહીસાગર ઉપરાંત ઉપરવાસમાં વરસાદ થતાં કડાણા ડેમમાં આવક નોંધાઈહાલ ડેમમાં ૯૭૫૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈડેમની જળસપાટી સામાન્ય વધારો થતાં ૩૮૪.૦૬ ફૂટે પહોંચી, ડેમની ભયજનક સપાટી ૪૧૯ ફૂટકડાણા ડેમનું હાલનું રુલ લેવલ ૪૧૨ ફૂટડેમમાંથી કડાણા ડાબા કાંઠા કેનાલમાં ૪૫૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

# દાહોદ જીલ્લામાં વરસાદની રાહતનો અંત વહેલી સવાર થી ધોધમાર વરસાદ ખાબકયો

દાહોદ,

ઘણા લાંબા સમયથી જોવાતી રાહનો આજે અંત આવ્યો હોય તેમ લાગી રહ્યું છે. હવામાન વિભાગની આગાહીના પગલે મધ્ય ગુજરાત અને ગુજરાત રાજ્યમાં પાંચ દિવસની વરસાદની આગાહી કરવામાં આવી હતી. તેની સાથે જ દાહોદ શહેર સહિત જિલ્લામાં આજે સવારથીજ મન મુકીને વરસી રહ્યાં છે. મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે જિલ્લામાં સર્વત્ર વરસાદી પાણી છવાઈ ગયાં છે. બીજી તરફ લાંબા સમયથી ખેડુત મિત્રો પણ મેઘરાજાની રાહ જોઈ બેઠા હતાં અને પોતાના પાક સારો થાય તેવી આશા સેવી રહ્યાં હતા. ત્યારે આજના વરસાદી માહોલ વચ્ચે ખેડુતમિત્રો પણ ખુશખુશાહ થઈ ગયાં છે. દાહોદ જિલ્લામાં સવારથી સાંજના ચાર વાગ્યા સુધી કુલ ૧૪૯ મીમી વરસાદ ખાબકી ચુક્યો છે. દાહોદ શહેર સહિત જિલ્લામાં અનેક સ્થળોએ ઘુંટણ સમા પાણી ભરાઈ ગયાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.દાહોદ શહેર સહિત જિલ્લામાં આજે વહેલી સવારથી વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો અને અચાનક કાળા ડિબાંગ વાદળો વચ્ચે મેઘરાજાની વહેલી સવારથીજ ધમાકેદાર એન્ટ્રીના પગલે આખો દિવસ વરસાદ પડ્યો હતો. જિલ્લાવાસીઓ ઘણા દિવસોથી અસહ્ય ગરમી તેમજ બફારાથી હેરાન પરેશાન થઈ રહ્યાં હતા. ત્યારે આજના વરસાદી માહોલ વચ્ચે વાતાવરણમાં અચાનક ઠંડક પ્રસરતાં લોકોએ ગરમીથી રાહત મેળવી હતી. વરસાદની રાહ જોઈ બેઠેલા ખેડુત મિત્રોમાં પણ આનંદની લાગણી છવાઈ ગઈ છે. જિલ્લામાં સર્વત્ર સારો એવો વરસાદ પડી રહ્યો છે. ત્યારે બીજી તરફ દાહોદ શહેરની વાત કરીએ તો આજના વરસાદની ધમાકેદાર એન્ટ્રીના પગલે શહેરના નિચાણવાળા ઘણા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં લોકોને ભારે હાલાકીનો સામનો પણ કરવો પડ્યો હતો. ઘણા માર્ગો પર પાણી પણ ભરાઈ ગયાં હતાં. શહેરના ભરપોડા સર્કલ, ઝાલોદ તાલુકાના લીમડી નગરના સાંઈ મંદિર, બાઈપાસ ઉપર હાઈવે રોડ પણ ઘુંટણ સમા પાણી ભરાઈ ગયાં હતાં. હવામાન વિભાગની આગાહીના પ્રમાણે આવનાર પાંચ દિવસો સુધી મેઘરાજા મન મુકીને વરસસે ત્યારે આજથી શરૂ થયેલ વરસાદી માહોલના પગલે સર્વત્ર પાણી પાણી જોવા મળી રહ્યાં છે. શહેરના સ્ટેશનરોડ, ચાકલીયા રોડ, ગોધરા રોડ જેવા વિસ્તારોના માર્ગો પર પાણી ભરાઈ ગયાં હતાં. દાહોદ જિલ્લામાં વહેલી સવારથી ૦૪ વાગ્યા સુધી જિલ્લામાં કુલ ૧૪૯ મીમી વરસાદ ખાબકી ગયો છે. ૦૪ વાગ્યા સુધી દાહોદ જિલ્લાના તાલુકામાં વરસેલ વરસાદના આંકડાની વાત કરીએ તો, ગરબાડા તાલુકામાં ૦૭ મીમી, ઝાલોદ તાલુકામાં ૦૦ મીમી, દેવગઢ બારીઆમાં ૨૯ મીમી, દાહોદ તાલુકામાં ૪૫ મીમી, ધાનપુર તાલુકામાં ૧૫ મીમી, ફતેપુરા તાલુકામાં ૦૩ મીમી, લીમખેડા તાલુકામાં ૩૬ મીમી, સંજેલી તાલુકામાં ૦૬ મીમી અને સીંગવડ તાલુકામાં ૦૮ મીમી સાંજે ૦૪ મીમી વરસાદ પડી ચુંક્યો છે. લગભગ મોડી રાત્રી અને બીજા દિવસે પણ આવોજ વરસાદ રહેશે તેવા લોકો અનુમાન લગાવી રહ્યાં છે. ત્યારે મેઘરાજાની આજની ધમાકેદાર એન્ટ્રીના પગલે જિલ્લાવાસીઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.

## સંજેલીમાં રવિવારના દિવસે વરસાદે બાજી સંભાળી વાદળોએ મૌન તોડ્યું

સંજેલી,

સંજેલીમાં છેલ્લા કેટલાક સમયથી માત્ર વાદળો જોવા મળતા હતા વીજળીનો આવાજ,કાળા વાદળોનો અડ્ડો જોવા મળતો હતો જેને કારણે પ્રજા બફારાથી તોબા પોકારી ઉઠી છે ઝરમર વરસાદ પડતો હોવાથી માત્ર રસ્તાઓ ભીના થતા હતા જેને લઈ તાલુકાની પ્રજાએ અસહ્ય ગરમી બાફ ઉકળાટનો સામનો કરવો પડતો હતો રવિવારના દિવસે અચાનક વાતાવરણમાં પલટો આવતા વરસાદી માહોલ સર્જાયો હતો.

સંજેલીમાં રવિવાર રજાના દિવસે વરસાદે બાજી સંભાળતા પંથકમાં વરસાદી માહોલ જામ્યો હતો. ફાસ્ટ ગતિએ એકધાર્યો લગાતાર વરસાદ ખાબકતા નગરમાં ખુશીના વાદળો છવાયા હતા. છેલ્લા કેટલાક સમયથી વાદળોએ મૌન પાળ્યું હતું. ત્યારે રવિવારમાં દિવસે વાદળોએ મૌન તોડ્યુંહતું. જેના કારણે વરસાદી માહોલ સર્જાતા ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી હતી. નગરજનોએ બફારા,ગરમીથી રાહત અનુભવી ઠંડીનો એહસાસ ર્ક્યો હતો. વરસાદ ખાબકતા પંથકમાંમાં ઠંડક ભર્યો માહોલ પ્રસરી જવા પામ્યો હતો. વરસાદ મનમૂકીને વરસતા લોકોએ રવિવારના દિવસે વરસાદના પાણીમાં મનમૂકીને ન્હાવાનો લ્હાવો ઉઠાવ્યો હતો.

# લીમડીમાં સાંસદની ઉપસ્થિતીમાં કરાયેલ અનાજમાં જીવાતો નિકળતા અનેક સવાલો ઉઠયા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વિનામુલ્યે અનાજનું વિતરણ કાર્યક્રમાં હાલ દાહોદ જિલ્લામાં ચાલી રહ્યો છે. આજરોજ આ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ગરીબ લાભાર્થીઓને આપવામાં આવેલ અનાજના જથ્થામાં ધનેરીયા, જીવાતો, કાકંરા, માટી તેમજ સડી ગયેલા અનાજ મળતાં ગ્રામજનોમાં નારાજગી જોવા મળી હતી. આજરોજ આ અનાજ વિતરણ કાર્યક્રમમાં સાંસદની ઉપસ્થિતીમાં આ અનાજનો જથ્થો વિતરણ કરવામાં આવ્યો હતો. ધનેચા, જીવાતો, કાકંરાવાળું તેમજ સડેલ અનાજનો જથ્થો લાભાર્થીઓને મળતાં લોકોમાં ભારે રોષ પણ જોવા મળ્યો હતો. જાણવા મળ્યાં અનુસાર, દાહોદ જિલ્લામાં અન્ય બીજા ગ્રામીણ વિસ્તારો તેમજ સ્થળાએ પણ આવોજ અનાજનો જથ્થો મળ્યો હોવાની લાભાર્થીઓની બુમો ઉઠવા પામી છે. ત્યારે શું સરકાર અને પુરવઠા વિભાગ ગરીબોની મજાક, મસ્કરી ઉડાવવા બેઠા છે? જેવા અનેક સવાલો લોકોમાં ઉદ્ભવવા પામ્યાં છે. એક તરફ રાજ્ય સરકાર દ્વારા ગરીબોને વિના મુલ્યે અનાજ આપવાની વાતો કરી રહી છે અને બીજી તરફ આપવામાં આવતો અનાજના જથ્થામાં ધનેરીયા, જીવાતો, કાંકરા તેમજ સડી ગયેલ અનાજ ગરીબ લાભાર્થીઓને મળતાં લોકોમાં ભારે રોષ સાથે નારાજગી જોવા મળી છે. જાણવા મળ્યાં અનુસાર, દાહોદ જિલ્લામાં ગરીબ લાભાર્થીઓને આપવામાં આવેલ ઘઉં, ચોખા વિગેરે જેવા અનાજના જથ્થામાં જીવાતો સહિત ખામીઓ જોવા મળી છે. આ અનાજનો જથ્થો પશુ પણ ખાઈ ન શકે તેવા છે ત્યારે સંલગ્ન તંત્રના જવાબદાર અધિકારીઓ આવા અનાજનું લોકો સુધી ચકાસણી ર્ક્યા વગર જ પહોંચતું કરી દે છે? જેવા અનેક સવાલો લોકોમાં ઉદ્ભવવા પામ્યાં છે. ગરીબોને સરેઆમ મજાક, મસ્કરી ઉડતી હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. આજરોજ ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં સાંસદ તેમજ આગેવાનોની અને અધિકારીઓની ઉપસ્થિતીમાં લીમડી નગરમાં વિના મુલ્ય અનાજનું વિતરણ કાર્યક્રમો યોજવામાં આવ્યો હતો. આપવામાં આવેર ઘઉંમાં જીવાતો, કાંકરા, ધનેરીયા હોવાની લાભાર્થીઓમાં બુમો ઉઠવા પામી હતી. લાભાર્થીઓ પાસેથી જાણવા મળ્યાં અનુસાર, આપવામાં આવેલ અનાજમાં જીવાતો, કાંકરા, ધનેરીયા જોવા મળ્યાં છે. આ અનાજ પશુઓ પણ ખાઈ ન શકે તેવા છે. દાહોદ જિલ્લામાં અગાઉ પણ આવા કિસ્સા સામે આવ્યાં છે જિલ્લાના અન્ય સ્થળોએ પણ અનાજ વિતરણ કરવામાં આવ્યું હતું તેમાંય પણ અનાજમાં ધનેરીયા, કાંકરા, જીવાતો હોવાનું સામે આવ્યું હતું ત્યારે આ સમગ્ર માલમે પ્રજાની મશ્કરી ન કરી લાભાર્થીઓને સાફ સુથરૂ અનાજ આપવામાં આવે તે આજના સમયની માંગ છે. આપવામાં આવેલ અનાજ ખાવા લાયક ન હોવાને કારણે લાભાર્થીઓમાં નારાજગી સાથે અનેક ફરિયાદો પણ ઉઠવા પામી છે. બીજી તરફ આ મામલે જિલ્લાના ડી.એસ.ઓ. જોડે વાતચીત કરતાં તેઓએ જણાવ્યાં અનુસાર, જે અનાજનો જથ્થો આપવામાં આવ્યો છે તેની તપાસ કરી ગોડાઉનને પરત કરવામાં આવશે, ખરાબ અનાજનો જથ્થો હશે તો તેને બદલીને સારો જથ્થો આપવામાં આવશે, જ્યાં જ્યાં ખરાબ જથ્થો પહોંચ્યો હશે બદલી દઈ નવો જથ્થો આપવામાં આવશે.

# દાહોદ સ્વચ્છતા માટે સુવિધા : દાહોદને સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં ડોર ટુ ડોર કચરા કલેકશન માટે ૧૪ નવા વાહનો મળ્યાઃ મંત્રી, સાંસદના હસ્તે લોકાર્પણ કરાયું



દાહોદ,

દાહોદ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ડોર ટુ ડોર કચરા કલેકશન માટે આજે ૧૪ નવા વાહનો ફળવાયા હતા.જેમાં બીનો કચરો અને સુકો કચરો જુદો જુદો લઈ જવાની વ્યવસ્થા છે.આ વહનોને સાંસદ અને રાજ્યમંત્રીના હસ્તે લીલી ઝંડી બતાવી લોકાર્પણ કરવામાં આવ્યુ છે.આ પ્રસંગે ભાજપાના નેતાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.દાહોદ શહેરમાં હાલમાં સ્માર્ટ સીટીના વિવિધ પ્રોજેક્ટ ચાલી રહ્યા છે.તેને કારણે શહેરીજનોને અસુવિધાનો સામનો પણ કરવો પડી રહ્યો છે. ત્યારે શહેરમાં આગામી સમયમાં વિકાસના નવા સોપાન સર થયેલા નજરે પડશે તેમ લાગી રહ્યુ છે.શહેરમાં વરસાદી પાણીના નિકાલ સહિતની પાઈપ લાઈનો નાખવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે છાબ તળાવના બ્યુટીફીકેશનનો પ્રોજેક્ટ પણ શરૂ થઈ ચુક્યો છે.આ સિવાય પણ અન્ય પ્રોજેક્ટ માટે ટેન્ડરીંગની પ્રક્રિયા ચાલી રહી છે.દાહોદ શહેરમાં ડોર ટુ ડૌર કચરા કલેકશનની કામગીરી છેલ્લા ઘણાં સમયથી સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત થઇ રહી છે. તેમાં વાહનોના અભાવે સેવા ખોડંગાતી હતી તેમજ કેટલાક પ્રશ્નો પણ ઉપસ્થિત થતાં હતા.ટ્રેક્ટરોમાં કચરો લઇ જતી વેળાએ શહેરમાં સરેઆમ કચરો અને ગંદકી ફેલાતી હતી.જેને કારણે દુર્ગંધ પણ સહન કરવાનો વારો આવતો હતો.આજે તારીખ ૨૪ જુલાઈના રોજ ડોર ટુ ડોર કચરા કલેકેશન માટેના ખાસ તૈયાર કરેલા ૧૪ વાહનોની ફાળવણી કરવામાં આવી છે.જેમાં બીનો કચરો અને સૂકો કચરો લઈ જવા માટે જુદા જુદા ખાના આપેલા હોવાથી શહેરીજનોએ પણ હવે તે પ્રમાણે બીનો અને સુકો કચરો જુદો જુદો આપવાનો રહેશે. જો તેમ કરવામાં આવશે તો જ આ સુવિધા સાર્થક નીવડશે.આજે સાંજે ૫ કલાકે રાજયમંત્રી બચુભાઇ ખાબડ, સાંસદ જશવંતસિંહ ભાભોર તેમજ અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આ ૧૪ વાહનોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. મહાનુભાવેએ લીલી ઝંડી બતાવી વાહનોને પ્રસ્થાન કરાવ્યું હતું.

# દાહોદ જીલ્લામાં લાયન્સ કલબ દ્વારા ગુરૂ પૂર્ણિમાએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોને ગુરૂ વંદના સાથે શુભેચ્છા આપી

દાહોદ,

દાહોદ જિલ્લામાં એક નવતર અભિગમ સાથે જિલ્લાના સારસ્વત મિત્રો અને ગુરુજનોરને નમન વંદન કરી તેમના તરફ કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક પ્રયાસ લાયન્સ કલબ ઓફ દાહોદ સીટી દ્વારા આજે યોજાયો હતો. જિલ્લાના તમામ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો સુધી વ્યક્તિગત પહોંચવું શક્ય ન બનતા લાયન્સ કલબ દાહોદ સીટી દ્વારા દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી તથા દાહોદના પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીને એક મોમેન્ટો આપી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તમામ ગુરૂઓને નમન કરતો એક શુભેચ્છા સંદેશ તેઓના માધ્યમથી પહોંચાડવા માટે દાહોદ સીટી લાયન્સના પ્રમુખ અર્પિલ શાહ અને લાયન મેમ્બર્સ સાથે તેઓની કચેરી ખાતે જઈ બંને અધિકારીઓને મોમેન્ટો સાલ બુકે અને શુભેચ્છા પત્ર આપી ગુરૂપૂર્ણિમાની નવતર રીતે ઉજવણી કરવામાં આવી હતીર. ગુરૂ પૂર્ણિમા નિમિત્તે જિલ્લા શિક્ષણ અધિકારી કે. જી. દવે તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મયુરભાઈ પારેખનું સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે લા. સૈફીભાઈ પીટોલવાલા, સેંક્રેટરી લા. રસીદાબેન પીટોલવાલા, લા. તુલસી શાહ, લા. હેમંતભાઈ તથા અન્ય લાયન મેમ્બર ઉપસ્થિત રહ્યાં હતાં તથા જિલ્લાના તમામ શિક્ષકગણના સન્માન તરીકે આ શુભેચ્છા સંદેશને સ્વીકારવા માટે વિનંતી કરી કરી હતી. બંને અધિકારીઓએ આ અભિગમને બિરદાવી અને સૌ શિક્ષક મિત્રોને ગુરૂ પૂર્ણિમા નિમિત્તે સન્માન આપવા બદલ લાઈન પ્રમુખ અપીલ શાહ તથા સભ્યોનો આભાર માન્યો હતો.

# દાહોદ જિલ્લા શાળા સંચાલક મંડળ દ્વારા ટેટ અને ટાટ પરીક્ષા ની વેલીડીટી કાયમી કરવા અંગે મુખ્યમંત્રીને સંબોધતું એક આવેદનપત્ર રવાના

દાહોદ,

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, દાહોદ જીલ્લામાં અને સમગ્ર ગુજરાત રાજયમાં ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાસહાયક અને શિક્ષણ સહાયક ઉમેદવારોની ભરતી બાબતે ટેટ અને ટાટ પરીક્ષાઓ આપેલી છે .જેની વેલીડીટીની મુદ્દત પાંચ વર્ષની ગણેલ છે. પરિણામે આવા ઉમેદવારો પાંચ વર્ષની મુદ્દત પુર્ણ થયા પછી નોકરી માટે અરજી કરી શકતા નથી.તાજેતરમા ભારત સરકારના માનવ સંસાધન વિકાસ વિભાગ દ્વારા ટેટ અને ટાટ પરીક્ષાઓ જે તે ઉમેદવારે આપ્યા પછી તેની વેલીડીટીને આજીવન કરેલ છે. જેથી ગુજરાત રાજ્યમાં પણ આવી પરીક્ષા પાસ કરેલ ઉમેદવારોને વેલીડીટી આજીવન કરવા દાહોદ જીલ્લા શાળા સંચાલક મંડળની માંગણી સહ રજુઆત છે. જેથી આવા ઉમેદવારો માનસીક તણાવમાંથી મુક્ત થઈ નોકરી માટે અરજી કરી શકે. આ બાબતને ખાસ દ્યાને લઈ ગુજરાતના શૈક્ષણિક ઉમેદવારો ચિંતાથી વિમુક્ત બને તે માટે યોગ્ય પરિપત્ર કરવા દાહોદ જિલ્લા શાળા સંચાલક મંડળ દ્વારા વિનંતી કરવામાં આવી હતી.

# દાહોદ જિલ્લા ફતેપુરા તાલુકામાં ધારાસભ્યની ઉપસ્થિતિમાં ફતેપુરા કોંગ્રેસમાં મોટુ ગાબડુ પડયુ.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

સમગ્ર ભારતમાં નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં વિકાસ થઇ રહ્યો છે. ત્યારે કોરોનાના આ સમયમાં સરકારે ગરીબ જનતા માટે કરેલા કાર્યો તેમજ ફતેપુરા વિસ્તારમાં થયેલા વિકાસ થી પ્રેરિત થઈને આજ રોજ કોંગ્રેસના અસંખ્ય આગેવાનો, સરપંચો ડેપ્યુટી સરપંચો, નિવૃત્ત કર્મચારીઓ ભાજપમાં જોડાયા હતા.

ફતેપુરા તાલુકાના કરમેલ ગામે આજ રોજ જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલીયાર ની આગેવાનીમાં અને ધારાસભ્ય રમેશભાઈ કટારા તેમજ જીલ્લા મહામંત્રી નરેન્દ્રભાઇ સીનીની ઉપસ્થિતિમાં સરસવા સરપંચ તેરસિંગભાઈ કિશોરી ,મારગાળા સરપંચ નીરૂબેન બારીયા, કરમેલના પારસીંગભાઈ પારગી ( એપીએમસી વાઇસ ચેરમેન ) તેમજ નિવૃત્ત કર્મચારી વાલજીભાઈ ગજાભાઈ પારગી ના નેતૃત્વમાં ૧૧ કર્મચારીઓ તેમજ અસંખ્ય કોંગ્રેસના આગેવાનો કોંગ્રેસને રામ રામ કરી જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલિયારના હસ્તે કેસરીયો ધારણ કરી ભાજપમાં જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ફતેપુરા ભાજપની તમામ જિલ્લા પંચાયત સીટો ભાજપે કબજે કરી છે તેમજ તાલુકા પંચાયતમાં પણ ૨૮માંથી ૨૩ તાલુકા પંચાયત ભાજપે મેળવી છે ત્યારે આગામી સમયમાં સમગ્ર ફતેપુરા તાલુકો ભાજપમય બની જશે તેવું વર્તાઈ રહ્યું છે.

# દેવગઢબારિયા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં સવારથી જ વરસાદ ચાલું હોવાથી ખેડૂતોમાં તેમજ ગરમીથી રેબજેબ થતાં લોકોમાં પણ ખુશીનો માહોલ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દેવગઢબારિયા નગરપાલિકાની કામગીરીમાં ઢીલી નિતીઓના કારણે કાપડી વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ ન હોવાના કારણે રહેણાંક મકાનોમાં પાણી ભરાતા લોકો પરેશાન જોવા મળી રહ્યા છે અને રહિમાબાદ કોલોનીની બાજુમાં મદય ગુજરાત વિજ કંપની લિમિટેડ દ્વારા ડી.પી. મુકવામાં આવેલ છે .તે ડી.પી.ની આસપાસ વરસાદી પાણી વહેતુ હોવાથી આજુબાજુના રહેણાંક ગરીબ લોકોના જીવને જોખ લાગી રહ્યું છે. કાપડી વિસ્તારનાં નાના ધંધાવાળાઓના લારી ગલ્લાની આસપાસમાં પાણી ભરાતા તેમના ધંધામાં ભારે અશર જોવા મળી રહી છે.

# દાહોદના ખીરખાઈ ગામે ગેસ બોટલ લીકેજ થતાં નાસભાગ મચી



દાહોદ,

દાહોદ જિલ્લાના ખીરખાઈ ગામે રાંધણ ગેસનો બોટલ અચાનક લીકેજ થતાં આગ ફાટી નીકળતાં ઘર સહિત વિસ્તારમાં નાસભાગ મચી જવા પામી હતી. ભારે જેહમત બાદ આગ ઉપર કાબુ મેળવતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.આજરોજ ખીરખાઈ ગામે એક કાચા રહેણાંક મકાનમાં ઘરના મોભી જમવાનું બનાવતાં હતાં. આ દરમ્યાન અચાનક રાંધણ ગેસનો બોટલ લીકેજ થતાં જોતજોતામાં આગ ફાટી નીકળી હતી. ઘટનાને પગલે પરિવારજનોમાં નાસભાગ મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ વિસ્તારમાં થતાં લોકોમાં અફરા તફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. કેટલાંક જાબાઝો ઘર તરફ દોડી ગયાં હતાં અને પાણીનો ભારે મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો અને મોટી દુર્ઘટના થતી અટકી હતી.

# ફતેપુરમાં જમીનની તકરારમાં ધિંગાણું મચાવતા ફરિયાદ

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા નગરમાં જમીન સંબંધી મામલે ચાર જેટલા ઈસમોએ એક મહિલા સહિત ત્રણ જણાંને લાકડી વડે તેમજ ગડદાપાટુનો મારમારી શરીરે હાથે – પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતા આ સંબંધે પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.ગત તારીખ ૧૯મી જુલાઈના રોજ ફતેપુરા તાલુકા પંચાયતની પાછળ રહેતા હિતેશભાઈ ગૌતમભાઈ વાદી, મહેશભાઈ ગૌતમભાઈ વાદી, સુભાષભાઈ ગૌતમભાઈ વાદી અને ગૌતમભાઈ ઉકારભાઈનાઓ પોતાનાજ વિસ્તારમાં રહેતા જીતુભાઈ સંતુભાઈ વાદીના ઘરે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગ્યો કે, તમે અમારી જમીનમાં અને મારા છોકરાના છોકરાઓની સમાધી ઉપર તમે કેમ વાડ કરેલ છે, તમે તમારી જગ્યામાં વાડ કરો, તેમ કહેતા જીતુભાઈ તથા તેમના પરિવારજનોએ ગાળો બોલવાની ના પાડતાં ઉપરોક્ત ચાર જણા એકદમ ઉશ્કેરાઇ ગયા હતા અને પોતાની સાથે લાવેલ લાકડી વડે જીતુભાઈ, વિપુલભાઈ, સંતુભાઈને લાકડી વડે તેમજ ગડદાપાટુનો મારમારી હાથે – પગે તેમજ શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતા આ સંબંધે ઈજાગ્રસ્ત જીતુભાઈ સંતુભાઈ વાદીએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 283

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લાના તમામ તાલુકામાં વહેલી સવારથી સાર્વત્રિક વરસાદ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

- લાંબા વિરામ બાદ મેઘરાજા એ ધમાકેદાર એન્ટ્રી કરતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી.
- શહેરા, મોરવા(હ), જાંબુઘોડામાં ૩ ઈંચ વરસાદ નોંધાયો.

ગોધરા, પંચમહાલ જીલ્લામાં વહેલી સવાર થી સાર્વત્રિક વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. મધ્ય ગુજરાતમાં ઘણા લાંબા વિરામ બાદ મેઘરાજા એ ધમાકેદાર વરસાદ નોંધાવા પામ્યો છે. વરસાદ વરસતા ધરતીપુત્રોમાં આનંદ વ્યાપી જવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લા સહિત મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ લાંબા વિરામ લેતાં ખેડુતો ચિંતીત બન્યા હતા. ખેતરોમાં વાવતેર કરેલ પાક સુકાઈ જવાની તેમજ મોંઘા ભાવના બિયારણો માથે પડવાને લઈ મેઘરાજાની કાગડોળે રાહ જોતા ખેડુતો ચિંતીત હતા. પંચમહાલ–મહિસાગર અને દાહોદ જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસ થી વાદળ છાયું વાતાવરણ ઉભું થતું હતું પરંતુ મેઘરાજા હાથ તાળી આપીને ચાલ્યા જતા હોવાને લઈને ખેડુતોના વાવેતર કરેલ પાકો સુકાઈ જવાથી ભીંતિ સેવાઈ રહી હતી. જ્યારે બીજી તરફ વરસાદ ખેંચાતા ગરમી અને ઉકળાટ થી લોકો પરેશાન થઈ રહ્યા હતા. મેઘરાજા દુવા કરે તેવી પ્રાર્થનાઓ કરી રહ્યા હતા. આજ રવિવારે વહેલી સવારે પંચમહાલ જીલ્લાના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ પડવાની શરૂઆત થઈ હતી. આખા દિવસ દરમ્યાન અંદાજી બે ઈંચ જેટલો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક વ્યાપી જવા પામી છે. દિવસભર ધીમી ધારે વરસાદ ચાલુ રહેતા આહલાદક વાતાવરણને લઈ લોકોમાં આનંદ જોવા મળ્યો હતો. જીલ્લામાં જાંબુઘોડા તાલુકામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ દ્વારા પંચમહાલ–દાહોદ–મહિસાગર સહિત મધ્ય ગુજરાતમાં સામાન્ય થી ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

### પંચમહાલ જીલ્લામાં નોંધાયેલ વરસાદ

કાલોલ – ૧૪ મી.મી.
ગોધરા – ૨.૫ ઈંચ
ઘોઘંબા – ૧૨ મી.મી.
જાંબુઘોડા – ૩ ઈંચ
મોરવા(હ) – ૩ ઈંચ
શહેરા – ૩ ઈંચ
હાલોલ – ૧૮ મી.મી.

## ગોધરા તાલુકામાં રાહ જોવડાવ્યા બાદ મેઘરાજા ની ધીમી ધારે ઈનીંગ

નદીસર, પ્રારંભિક સારો વરસાદ પડ્યા બાદ ખેડૂતો એક તરફ કપાસ સહિત ના વિવિધ ખરીફ પાકો નું વાવેતર કરી દીધું હતું પણ ત્યાર બાદ વરસાદ ખેંચાતા ખેડૂતોના જીવ પડીકે બંધાઈ ગયા હતા. જોકે, હવામાન ખાતાની આગાહી મુજબ આજ સવાર થી જ ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ગામો નદીસર, ટીંબા, ખજૂરી,કબિરપૂર, ઘરી, રતનપુર, કાંકણપુર, પંથકના ગામો માં મેઘરાજા એ ધીમી ધારે પાણી વરસાવતા ખેડૂતોને ખરીફ પાકોમાં હાલ પૂરતી રાહત મળી છે. વરસાદના આગમન થી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને ભારે ગરમી અને બફારા થી લોકો એ રાહત મેળવી છે. જોકે વરસાદનો ધોરી માસ ગણાતો અષાઢ માસ પૂર્ણ થવાના આરે છે. ત્યાં સુધી હજુ એકાદ ભારે વરસાદ પણ ન પડતાં સમગ્ર પંથકના તળાવો, નદી, નાડા, કોતરો ખાલી છે. આ વિસ્તારનો આર્થિક આધાર સ્તંભ સમો ડાંગર નો પાકની રોપણી હજુ સુધી થઈ નથી. તે એક રીતે ચિંતાનો વિષય છે. આ તરફ પાનમ સિંચાઇ યોજના દ્વારા ડાંગર રોપણી માટે નહેર મારફતે પાણી આપવામાં આવ્યું છે. પણ તે ગણ્યા ગાંઠ્યા ખેડૂતોને જ મળ્યું છે. ખેડૂતો એ એવું પણ જણાવ્યું હતું કે, એકલા પાનમ સિંચાઇના પાણી થી ડાંગરનો પાક લેવો તે અશક્ય હોય હવે ભારે વરસાદ થી એક વખત ક્યારી ભરાઈ તો જ ડાંગર રોપણી થઈ શકે તેમ છે. જો જિલ્લા અને સ્ત્રાવ વિસ્તારોમાં ભારે વરસાદના પડે તો જિલ્લામાં સિંચાઈનો ગંભીર પ્રશ્ન ઊભો થવા ની સંભાવના છે. જ્યારે ખેતી ક્ષેત્રે મળતી થ્રી ફેજ વીજળી પણ પશ્ચિમના ગામોને અનિયમિત મળે છે. તે પણ એક જટિલ પ્રશ્ન છે.

## પાનમ ડેમમાં નવા નીરની આવક થતાં ખેડુતોમાં આનંદ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,પંચમહાલના જીવાદોરી સમાન પાનમડેમમાં નવાનીરની આવક થતાં ખેડૂતોમાં ખુશાલી છ્વાઈ હતી. હાલ પાનમ જળાશયમાં દર કલાકે ઉપરવાસમાંથી ૧૫૦૦ ક્યુસેક નવી આવક નોંધાઇ રહી છે.પંચમહાલ જિલ્લાના જીવાદોરી સમાન પાનમ જળાશયના ઉપરવાસમાં સારો વરસાદ થવાને કારણે પાનમ ડેમમાં બપોર બાદ દર કલાકે ૧૫૦૦ ક્યુસેક નવા નીરની આવક નોંધાઈ રહી છે તેની સામે ડેમમાંથી ૪૦૦ ક્યુસેક પાણીની જાવક થઈ રહી હતી. હાલ પાનમ ડેમની જળસપાટી ૧૨૦.૬૫ મીટર છે જ્યારે પાનમડેમની ભયજનક સપાટી ૧૨૭.૪૧ મીટર છે. જોકે પંચમહાલ જિલ્લાના સહિત આસપાસના વિસ્તારોમાં વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો હતો જેને લઈને પાનમડેમમાં નવા નીરની આવક થતાં ખેડૂતોમાં ખુશીની લાગણી છવાઈ હતી.

## ગોધરા પશ્ચિમ વિસ્તારના પોલન બજાર થી મજાવર રોડ ખખડધજ બનતા રહિશોમાં ચુંટાયેલા સભ્યો સામે ભારે રોષ વ્યકત કરતાં વિડીયો વાયરલ થયો


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા, ગોધરા પશ્ચિમ વિસ્તારના પોલન બજાર થી મજાવર રોડ લાંબા સમય થી ખખડધજ હોય અવાર નવાર પાલિકામાં રજુઆત છતાં રોડની સમસ્યા દુર થઈ ન હોય પરિણામે સ્થાનિક રહિશોમાં પાલિકાના ચુંટાયેલા સભ્યો સામે રોષ વ્યકત કરતો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે.

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમં પોલન બજાર થી મજાવર રોડ ઘણા લાંબા સમય થી ખખડધજ હાલતમાં જોવા મળી રહ્યો છે. પાલિકાની ચુંટણીમાં રોડની કામગીરી કરવાની ખાતરી આપવામાં આવી હતી. પરંતુ પાલિકાની ચુંટણીમાં સભ્ય તરીક આ વિસ્તારના રહિશો જીતી ગયા પછી રસ્તાની સમસ્યા ભુલાઈ ગઈ હતી. ખખડધજ માર્ગને લઈ વાહન ચાલકો તેમજ રાહદારીઓને રસ્તા ઉપર થી પસાર થવામાં મુશ્કેલીઓ વેઠવી પડે છે. તેમાં પણ હાલ ચોમાસાની સીજન હોવાને લઈ માર્ગ ઉપર પડેલ ખાડાઓમાં પાણી ભરાઈ જતાં વાહન ચાલકો પાણી ભરેલા ખાડાઓમાં પટકાવાની તેમજ બિસ્માર રસ્તાને લઈ નાના મોટા અકસ્માતના બનાવો પણ બનતા હોય છે. પરંતુ આ વિસ્તાર માંથી પાલિકામાં ચુંટાયેલા સભ્યો રસ્તાની સમસ્યા દુર કરવામાં નિષ્ફળ રહ્યા છે. જેને લઈ સ્થાનિક રહિશોમાં પાલિકાના ચુંટાયેલા સભ્યો પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. પશ્ચિમ વિસ્તારમાં પોલન બજાર થી મજાવર રોડની સમસ્યા દુર કરવામાં નિષ્ફળ રહેલ પાલિકા ચુંટાયેલા સભ્યો રાજીનામું આપી દે તેવા રોષ વ્યકત કરતાં રહિશોનો વિડીયો વાયરલ થયો છે. હવે વાયદો આપનાર સભ્યો રસ્તાની સમસ્યા માટે શું કરે છે તે જોવું રહ્યું.

## ઘોઘંબાના આંબાખુંટ ગામે ડુંગર ઉપર ગળે ફાંસો ખાધેલ પ્રેમી પંખીડાના મૃતદેહ મળી આવ્યા


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના આંબા ખુટ ગામે ડુંગર ઉપર ઝાડની ડાળી સાથે પ્રેમી પંખીડા એ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો પોલીસને જાણ થતાં પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી પી.એમ.અર્થે મોકલી આપ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના આંબાખુંટના ડુંગર ઉપર ઝાડ ઉપર યુવક અને યુવતિનો આપઘાત કરેલ મૃતદેહ મળી આવ્યા હતા. મરણજનાર યુવક અંકુર બારીયા જે લવારીયા ગામની સગીર યુવતિ સાથે એક મહિના પહેલા ભાગી ગયો હતો. ઘર થી ભાગ્યા બાદ અલગ અલગ સ્થળે ફર્યા બાદ આંબાખુંટ ગામે ડુંગર ઉપર ઝાડની ડાળી એ ચુંદડી થી ગળે ફાંસો ખાઈને આપઘાત કરેલ હાલતમાં મૃતદેહ મળી આવયા હતા. આ બાબતે પોલીસને જાણ થતાં પોલીસ ઘટના સ્થળે આવીને મૃતદેહને પી.એમ. અર્થે ઘોઘંબા રેફરલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

## કોમર્સ કોલેજ ગોધરા ખાતે મહેંદી હરિફાઈ યોજાઈ

ગોધરા, સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ના સી ડબલ્યુ ડી સી અને એન.એસ.એસ.એસના સંયુક્ત ઉપક્રમે આજરોજ બહેનો માટે મહેંદી હરિફાઈ યોજાઈ ગઈ. જેમાં ૧૬ બહેનોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રો.શ્રીજલ ચોકસીબેન દ્વારા કર્યું હતું. સ્પર્ધાના અંતે પ્રથમ ક્રમે ટીવાય બીકોમની કુમારી સાક્ષી રામી પ્રથમ નંબરે, ધન ગાયકવાડ બીજા નંબરે તથા શર્મા ઈશિતા અને શર્મા દિવ્યાગીની તૃતિય નંબરે વિજેતા બન્યા હતા. કોલેજ તરફથી આ વિજેતાઓને અનુક્રમે ૨૫૧ રૂપિયા ૨૦૧ અને રૂ ૧૫૧ રોકડ ઇનામ તથા પ્રમાણપત્ર પ્રિન્સિપાલ અરૂણસિંહ સોલંકીના હસ્તે આપવામાં આવ્યા હતા.

## ગોધરા નગરપાલિકાના અપક્ષ સભ્ય નરેશભાઈ રામનાણી ભાજપ જોડાઈ ગયા



ગોધરા, પંચમહાલ જીલ્લાની ચર્ચામા રહેતી ગોધરા નગર પાલિકામાં ભાજપ સત્તાનુ સિહાસન કબજે કરવામા સફળ રહ્યુ છે.ત્યારે નગર પાલિકાના અપક્ષના કોર્પોરિટર નરેશભાઈ રામનાણી ભાજપમા જોડાવા હોવાને લઈને અપક્ષ ની ટીમ તૂટવા માંડી હતી. પંચમહાલ જિલ્લા ભાજપના કાર્યાલય ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વીનભાઈ પટેલે નરેશ રામણાનીને ભાજપનો ખેસ પહેરાવા સાથે મીઠાઈ ખવડાવી નરેશ રામણાની ભાજપ પક્ષ મા સ્વાગત કરવામાં આવ્યું હતુ. ભાજપનો પાલિકામા દબદબો વધતો જાય છેગોધરા નગર પાલિકામા ભાજપનૂ પ્રભૂત્વ ધીરે ધીરે વધતુ જઈ રહ્યુ હોય તેમ લાગી રહ્યુ છે.નોધનીય છેકે પાલિકા પ્રમૂખ સંજયભાઈ સોની ભાજપમા થોડા દિવસ પહેલા જોડાઈ ગયા હતા.ગોધરા નગર ભાજપના પ્રમુખ દિલીપભાઈ દસાડીયા, નગર પાલિકાના પ્રમુખ સંજયભાઈ સોની, પિન્ટુભાઈ હાજર રહ્યા હતા.

## ગોધરા તાલુકાના અંદરના મુવાડા ગામે કોરોનાના નવા વેરીયન્ટ કપ્પામાં પુરૂષનું મોત



ગુજરાત રાજ્યમાં કપ્પા વેરિયન્ટ પોઝિટિવ દર્દીઓના ત્રણ કેસ નોંધાયા હતા. જેમાંથી ગોધરા તાલુકાના અંદરના મુવાડા ગામના દર્દીનું પ્રથમ મોત થતા આરોગ્ય વિભાગ તંત્ર ગામ ખાતે પહોંચીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. સ્થાનિક ગામ અને આજુબાજુના ગામોમાં હાલ ફફડાટનો માહોલ ફેલાયેલો જોવા મળી રહયો છે.

ગોધરા, ગોધરા તાલૂકાના પઢીયાર પાસેના અંદરના મૂવાડા ફળિયામાં કોરોના ના નવા વેરીયન્ટ કપ્પા વાયરસથી મોત થયાનો પ્રથમ કેંસ નોંધાયો છે. અંદરના મુવાડા ગામના પુરૂષનો રિપોર્ટ આવતા પહેલા જ મોત થયું છે. આરોગ્ય વિભાગ તંત્ર દોડતુ થવા સાથે ૨૨ લોકોના આરટી–પીસીઆર ટેસ્ટ માટે સેમ્પલ લેવામા આવ્યા હતા. ગોધરાના અંતરિયાળ વિસ્તાર એવા અંદરના મુવાડા ગામે કપ્પા વેરિએન્ટનો કેસ નોંધાતા જિલ્લા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. આ ગામના કોરોના સંક્રમિત વ્યક્તિનું પ્રથમ કોરોના રિપોર્ટ અને બાદમાં વેરિએન્ટની તપાસ માટેનું સેમ્પલ લેવાયું હતું. જેનો ૨૨ દિવસ બાદ વેરિએન્ટનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જો કે રિપોર્ટ આવે તે પહેલા દર્દીનું મોત થયું હતું. અંદરના મુવાડા ગામે આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સની કામગીરી કરવા સાથે મૃતકની અંતિમવિધિમાં જોડાયેલા તેમજ તેમના પરિજનોનું ટ્રેસિંગ કરી ૨૨ વ્યક્તિઓ ક્લોઝ કોન્ટેક્ટ સહિત કુલ ૫૦ ઉપરાંત લોકોના કોરોના સેમ્પલ મેળવવામાં આવ્યા હતા.સાથે ૨૨ લોકોના આરટી–પીસીઆર ટેસ્ટ માટે સેમ્પલ લેવાયાં છે. હાલ કપ્પા વાયરસના મોતના પગલે લોકોમા ફફડાટ ફેલાયો છે.નોંધનીય છે કે અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગે જૂન મહિનામાં પુનાની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી ખાતે આઠ શંકાસ્પદ સેમ્પલ મોકલ્યાં હતાં. જેમાંથી બે સેમ્પલમાં કોરોનાનો કપ્પા વેરિયન્ટ જોવા મળ્યો હતો. અગાઉ મે મહિનામાં પણ એક સેમ્પલમાં કપ્પા વાઈરસ જોવા મળ્યો હતો. કોરોના કહેર બાદ જે રીતે પંચમહાલ જિલ્લામાં કપ્પા વેરિયન્ટની એન્ટ્રી થઇ છે. ત્યારે આરોગ્ય વિભાગ તંત્ર હવે ગ્રામીણ વિસ્તારમાં બનાવીને વધુ કેસો નહિ આવે તે માટે ની કાર્યવાહી હાથ ધરે તે પણ અત્યંત જરૂરી છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા એચ.પી. પેટ્રોલ પંપ પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપર એક્સ યુ વી કાર ચાલકે રોગ સાઈડ આવતી એક્ટિવાને અડફેટ મા લઈ ટક્કર મારી હતી. આ બનેલા અકસ્માતના બનાવમાં કાર ચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતુ જ્યારે એકટીવા ચાલકને શરીરે નાની મોટી ગંભીર ઈજા થતાં સારવાર અર્થે વડોદરા ખસેડાયો હતો.

## પાવાગઢ વરસાદી માહોલ વચ્ચે દર્શનાર્થીઓ કુદરતી સૌંદર્ય સાથે માતાજીના દર્શન કર્યા


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ યાત્રાધામ ખાતે મોટી સંખ્યામાં માઈ ભકતો ઉમટી પડયા હતા. વરસાદી માહોલમાં કુદરતી સૌંદર્ય થી દર્શનાર્થીઓ અવિભૂત થયા હતા.પંચમહાલ જીલ્લામાં લાંબા સમય થી મેઘરાજાની રાહ જોવાતી હતી. આજે રવિવારે વહેલી સવાર થી મેઘરાજા એ મહેર કરી છે. પાવાગઢ યાત્રાધામ ખાતે રજાનો દિવસ હોવાથી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડયા હતા. વરસાદી માહોલ વચ્ચે કુદરતી સૌંદર્યનો નજારો માણીને દર્શનાર્થીઓ અવિભૂત થયા હતા. વરસાદને લઈ પગથીયામાં પાણીનો ધોધ વહેતો જોવા મળ્યો હતો.

## ગૌરીવ્રત નિમિતે સહજાનંદ સોસાયટી સ્વામી નારાયણ મંદિર ખાતે મહેંદી ફરીફાઈ યોજાઈ

ગોધરા, ગૌરીવ્રત નિમિતે ગોધરા સહજાનંદ સોસાયટીના મંદિરમાં મહેંદી મુકવાનો તથા નાની ભુલકાઓ ગૌરીવ્રત નિમિતે બહેનો દ્વારા ઉપવાસમાં ગૌરીવ્રતના છેલ્લા દિવસે સહજાનંદ સોસાયટીના સ્વામીનારાયણ મંદિરમાં બહેનો દ્વારા રમતગમત તથા ભજન કિર્તન અને મહેંદી એકબીજાને મૂકવાની હરીફાઈ પ્રોગ્રામ યોજવામાં આવેલ હતો.

ગોધરા સ્વામીનારાયણ મંદિરમાં ગોધરા ભાજપના કાઉન્સીલર ઉષાબેન પી. પટેલ દ્વારા અને ધુન મંડળની બહેનો નીતાબેન, શીલ્પાબેન, સંગીતાબેન અને મંદિરમાં હરીફાઈમાં ઈનામો આપવામાં આવેલ હતા. સ્વામીનારાયણ મંદિરમાં નાની બહેનો, મોટી બહેનો દ્વારા સંગીતમય સાથે મહેંદી મુકવામાં ફરીફાઈ ચાલી રહી હતી. ગૌરીવ્રત નિમિતે છેલ્લા દિવસે મંદિરમાં ભજન કિર્તન તથા શંકર ભગવાનના મંદિરમાં જઈને બહેનો દ્વારા ગૌરીવ્રતની પૂજા–અર્ચના કરવામાં આવી હતી.આ પ્રોગ્રામમાં ફોન દ્વારા ધારાસભ્ય સી.કે.રાઉલજી તથા ભાજપના કાર્યકર દ્વારા પ્રોગ્રામની શુભેચ્છાઓ પાઠવી હતી.